દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૯ મે, ૨૦૨૬

# મમતા બેનર્જીની આક્રમકતાને કારણે પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીનો માર્ગ સરળ નહીં હોય

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની હાર બાદ ભાજપે નવા મુખ્યમંત્રી તરીકે શુભેન્દુ અધિકારીના નામની જાહેરાત કરી દીધી છે. આ સાથે જ પશ્ચિમ બંગાળમાં એક નવો ભાજપની સરકારનો ઈતિહાસ રચાવા માટે જઈ રહ્યો છે. ભારતના પૂર્વી ભાગમાં આવેલું પશ્ચિમ બંગાળ રાજ્ય હંમેશા બૌદ્ધિકતા, ક્રાંતિ અને પ્રખર રાજનીતિનું કેન્દ્ર રહ્યું છે. ભાજપની જેણે સ્થાપના કરી તેવા શ્યામાપ્રસાદ મુખર્જીની આ ભૂમિએ ભારતીય રાજકારણને અનેક દિગ્ગજો આપ્યા છે. જોકે, છેલ્લા ત્રણ-ચાર દાયકાઓનો ઇતિહાસ જોઈએ તો બંગાળમાં સત્તા પરિવર્તનો ખૂબ જ સીમિત રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં શાસકોના લાંબા શાસનનો ઈતિહાસ રહ્યો છે. ડાબેરીઓના 34 વર્ષના શાસન પછી મમતા બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂલ કોંગ્રેસ સત્તા પર આવી. તેણે 15 વર્ષ સુધી સત્તા ભોગવી પરંતુ, લોકશાહીનો નિયમ છે કે સમય જતાં પરિવર્તન અનિવાર્ય બને છે. એક સમયે મમતા બેનર્જીના સાથી તેવા નવા સૂચિત મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી કોઈ ‘ડ્રોઈંગ રૂમ’ નેતા નથી, પરંતુ તેઓ ‘ગ્રાઉન્ડ લેવલ’ થી તૈયાર થયેલા લડાયક નેતા છે તેવી માન્યતા છે.

નંદીગ્રામના ખેડૂત આંદોલનમાં તેમની ભૂમિકા નિર્ણાયક હતી. તે સમયે તેઓ મમતા બેનર્જીના વિશ્વાસુ સાથી હતા, પરંતુ બાદમાં તેઓ ભાજપમાં જોડાઈ ગયા.

નવા મુખ્યમંત્રી બનનાર શુભેન્દુ અધિકારી સામે પડકારોનો પહાડ છે, પણ સાથે જ તકોનું આકાશ પણ છે. બંગાળ જે એક સમયે ભારતનું ઔદ્યોગિક હબ ગણાતું હતું, તે આજે બેરોજગારી અને ઉદ્યોગોના પલાયન સામે ઝઝૂમી રહ્યું છે. શુભેન્દુ અધિકારીનું મુખ્ય લક્ષ્ય બંગાળમાં ઉદ્યોગોને પાછા લાવવાનું હોવું જોઈએ. સિંગુર અને નંદીગ્રામ જેવી ઘટનાઓએ ઉદ્યોગપતિઓમાં જે ડર પેદા કર્યો છે, તેને દૂર કરવો જરૂરી છે. ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ અને ભ્રષ્ટાચાર મુક્ત સિંગલ-વિન્ડો ક્લિયરન્સ જેવી નીતિઓ દ્વારા તેઓ રાજ્યમાં રોકાણ આકર્ષી શકે છે. આ ઉપરાંત બંગાળમાં રાજકીય હિંસા એ એક કાળી ટીલી સમાન છે. ચૂંટણી પછીની હિંસાએ લોકશાહીને લાંછન લગાડ્યું છે. એક વહીવટકર્તા તરીકે શુભેન્દુની સૌથી મોટી કસોટી પોલીસ તંત્રને રાજકીય દબાણથી મુક્ત કરવાની રહેશે. ‘ભયમુક્ત બંગાળ’ એ માત્ર નારો નહીં, પણ વાસ્તવિકતા બનવી જોઈએ. હાલમાં બંગાળના લાખો યુવાનો નોકરી માટે બીજા રાજ્યોમાં પલાયન કરી રહ્યા છે. આ ‘બ્રેઈન ડ્રેઈન’ રોકવા માટે આઈટી સેક્ટર, મેન્યુફેક્ચરિંગ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાની જરૂર રહેશે.

બંગાળની અસ્મિતા એટલે રવીન્દ્રનાથ ટાગોર, સુભાષચંદ્ર બોઝ અને સ્વામી વિવેકાનંદના વિચારો. છેલ્લા કેટલાક વર્ષોમાં ‘બંગાળી વિરુદ્ધ બહારના’ નું જે નેરેટિવ સેટ થયું છે તેને તોડવાનું કામ શુભેન્દુ અધિકારીએ કરવું પડશે. છેલ્લા દાયકામાં પશ્ચિમ બંગાળ અને કેન્દ્ર સરકાર વચ્ચે જે ટકરાવ જોવા મળ્યો છે, તેનાથી સૌથી વધુ નુકસાન બંગાળની જનતાને થયું છે. રાજકારણ એ ગુલાબની શય્યા નથી. શુભેન્દુ અધિકારી સામે વિપક્ષોનું આક્રમણ, સંગઠનલક્ષી દબાણ અને અપેક્ષાઓનું ભારે ભારણ રહેશે. ટીએમસીનું મજબૂત કેડર બેઝ અને ગ્રાસરૂટ પર તેમનું વર્ચસ્વ તોડવું એ સરળ કાર્ય નથી. મમતા બેનર્જી હાર્યા બાદ વધુ આક્રમક બનશે તે નક્કી છે. બની શકે છે કે ભાજપ તેમને વિવિધ કૌભાંડોમાં ફસાવી દે પરંતુ તેમની પાર્ટીનો આધાર આક્રમકતા પર જ છે. શુભેન્દ્ર અધિકારીએ મમતા બેનર્જી અને તેમની પાર્ટીના આક્રમણનો સામનો કરવાનો રહેશે.

પશ્ચિમ બંગાળના લોકોએ મમતા બેનર્જીના 15 વર્ષના શાસનને જોયું છે. તેનાથી સારૂં શાસન આપવાની જવાબદારી શુભેન્દુ અધિકારીની રહેશે. શુભેન્દુ અધિકારીની મુખ્યમંત્રી તરીકેની કામગીરી પર ભાજપ કેટલો સમય પશ્ચિમ બંગાળમાં સત્તા પર રહેશે તે નક્કી કરશે. જો શુભેન્દુ અધિકારી નબળા પડશે તો જે પશ્ચિમ બંગાળમાં ભાજપે સત્તા મેળવી છે તે પાંચ વર્ષ પછી ગુમાવવી પણ પડે તેમ છે. શુભેન્દુ અધિકારી અને ભાજપ માટે એક જ મુદ્દો રાહતનો છે અને તે છે મમતા બેનર્જીની ઉંમર અને સ્વાસ્થ્યનો. હાલમાં મમતા બેનર્જી 71 વર્ષના છે અને આગામી ચૂંટણીમાં તેઓ 76 વર્ષના હશે. જો આ ઉંમરે પણ મમતા બેનર્જી સતત સક્રિય રહેશે તો શુભેન્દુ અધિકારી માટે શાસન કરવું અઘરું છે તે ચોક્કસ છે.

# પ્રસૂતાઓનાં મૃત્યુ સૂચવે છે કે હજી આપણે લાંબો પંથ કાપવાનો છે

## ફીર દેખો યારોં

### બીરેન કોઠારી

**વર્ષ 2023માં ભારતમાં કુલ 24,700 પ્રસૂતાઓનાં મૃત્યુ નીપજ્યાં હતાં, જે નાઈજીરિયા પછીના ક્રમે છે. આ વર્ષે સમગ્ર વિશ્વમાં કુલ બે લાખ ચાલીસ હજાર પ્રસૂતાઓ મૃત્યુ પામી હતી**

સ્વાસ્થ્ય અને શિક્ષણ કોઈ પણ રાજ્યવ્યવસ્થાની પાયાની જરૂરિયાત છે. આ બન્ને ક્ષેત્રો એવાં છે કે જેમાં પરિણામ લાંબેગાળે મળે. આથી તેના અંગેની નીતિઓ કે માળખાકીય બાબતોને તૈયાર કરતાં ખાસ ધ્યાન રાખવું પડતું હોય છે. વખતોવખત તેની પુનઃચકાસણી કે પુનઃમૂલ્યાંકન કરતાં રહેવું જરૂરી બની રહે છે.

યુ.કે.ના અતિ પ્રતિષ્ઠિત ગણાતા સ્વાસ્થ્ય સામયિક ‘ધ લાન્સેટ જર્નલ’માં સ્વાસ્થ્ય સંબંધી વિવિધ વિષયોના અભ્યાસ પ્રકાશિત થતા રહે છે. આ અભ્યાસ નક્કર ક્ષેત્રીય વિગતોના આધારે કરવામાં આવે છે. હમણાં તેમાં પ્રસૂતાઓના મૃત્યુદર વિશેનો એક અભ્યાસ પ્રકાશિત કરાયો છે. એ આંકડા 2023ના છે. અભ્યાસ દર્શાવે છે કે વિશ્વભરમાં થતા પ્રસૂતાઓના મરણ પૈકી 36 ટકા મરણ કુલ પાંચ દેશોમાં થાય છે. આ પાંચ દેશો છેઃ નાઈજીરિયા, ભારત, ઈથિઓપિયા, પાકિસ્તાન અને કેમેરૂન. બીજી રીતે કહીએ તો, પ્રસૂતાઓનાં થતાં મરણ પૈકી ત્રીજા ભાગનાં મરણ આ પાંચ દેશોમાં જ થાય છે અને આ જ ક્રમમાં. એટલે કે આપણા ભારત દેશનો તેમાં દ્વિતીય ક્રમ છે.

વર્ષ 2023માં ભારતમાં કુલ 24,700 પ્રસૂતાઓનાં મૃત્યુ નીપજ્યાં હતાં, જે નાઈજીરિયા પછીના ક્રમે છે. આ વર્ષે સમગ્ર વિશ્વમાં કુલ બે લાખ ચાલીસ હજાર પ્રસૂતાઓ મૃત્યુ પામી હતી. એટલે કે કુલ એક લાખ બાળકોના જન્મ દરમિયાન 190.5 માતાઓનાં મરણ નીપજ્યાં. આશ્વાસન એટલું છે કે અગાઉ 1990માં આ પ્રમાણ 321 મૃત્યુનું હતું.

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.) દ્વારા 2015માં કુલ 17 ‘સસ્ટેનેબલ ડેવેલપમેન્ટ ગોલ્સ’ (એસ.ડી.જી.) નક્કી કરીને ફરજિયાત બનાવાયાં હતાં, જે પૈકીનું એક પ્રસૂતાઓના મૃત્યુદરમાં ઘટાડાનું પણ છે. એ મુજબ 2030 સુધી પ્રત્યેક એક લાખ બાળકના જન્મ દીઠ પ્રસૂતાના મૃત્યુનું પ્રમાણ 70થી ઓછું કરવાનું લક્ષ્યાંક છે. મતલબ કે હજી લક્ષ્યાંકની સરખામણીએ આ મૃત્યુ દર ત્રણ ગણાથી સહેજ જ ઓછો છે.

આ અભ્યાસમાં કુલ 204 દેશોને આવરી લેવાયા હતા, જેમાં જણાયું હતું કે હજી એકસો ચાર દેશો આ લક્ષ્યાંક સિદ્ધ કરવાથી ઘણા ઘણા છેટે છે. આ દેશોમાં ઊપસહરા (સહરાના રણની દક્ષિણે આવેલો વિસ્તાર) અને દક્ષિણ એશિયાના દેશોનો સમાવેશ થાય છે. મૃત્યુનાં બે મુખ્ય કારણ જોવા મળ્યાં છેઃ રક્તસ્રાવ (હેમરેજ) અને ઊચ્ચ રક્તચાપ (હાઈ બ્લડપ્રેશર). આ આંકડા અને અભ્યાસનો અર્થ એ થયો કે 2030 સુધીમાં યુ.એન.નું લક્ષ્યાંક સિધ્ધ કરવું હોય તો તત્કાળ અને એકદમ કેન્દ્રિત પગલાં લેવાં પડે.

ભારતમાં 45 ટકા પ્રસૂતાઓનાં મૃત્યુ આ બે કારણોથી થાય છે. અલબત્ત, રક્તસ્રાવથી થતાં મૃત્યુનું પ્રમાણ 1990માં 45 ટકા હતું, જે હવે ઘટીને 33.7 પર પહોંચ્યું છે, પણ ઊચ્ચ રક્તચાપથી થતાં મૃત્યુનું પ્રમાણ 10 ટકાથી વધીને 12.1 ટકાનું થયું છે.

બીજી એક ચિંતા પ્રસૂતિ દરમિયાન કે એ પછી તરત નહીં, પણ મોડાં થતાં મૃત્યુની છે, જે શિશુના જન્મ પછીના 43 દિવસથી એક વર્ષના સમયગાળાની અંદર થાય છે. આ પ્રમાણ વૈશ્વિક સ્તરે બમણું થઈને 1.3 ટકાથી 3.2 જેટલું થયું છે. આનો સીધો અર્થ એ થાય કે પ્રસૂતિ પછી રખાતી સંભાળમાં બેદરકારી દાખવવામાં આવે છે યા તેને સદંતર અવગણવામાં આવે છે. પ્રસૂતિ કેવળ યોગ્ય રીતે સંપન્ન થાય એટલું પૂરતું નથી, એ પછીની સારસંભાળ પણ એટલી જ જરૂરી છે.

ઊપસહરા પ્રદેશના દેશો પ્રસૂતાઓના મૃત્યુદરનું મુખ્ય કેન્દ્ર કહી શકાય. અહીંના વીસ પૈકીના પંદર દેશોમાં આ પ્રમાણ અતિશય વધુ છે.

આપણા દેશની વાત કરીએ તો આ દિશામાં પગલાં લેવાઈ રહ્યાં છે એમ લાગે. ‘પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન’ અંતર્ગત ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોની સગર્ભા મહિલાઓની દર માસની નવમી તારીખે શારિરીક તપાસ કરવામાં આવે છે. સરકાર દ્વારા આરંભાયેલી કોઈ પણ યોજનાની કાર્યક્ષમતા અને સફળતાનો આધાર સ્થાનિક પ્રશાસનની જોગવાઈઓ અને તેના ઈરાદા પર અવલંબિત હોય છે. વિવિધ યોજનાઓની ઘોષણા એક વાર કરી દેવાય છે, પણ તેના અમલીકરણ માટેની માળખાકીય સવલતો બાબતે પૂરતી તૈયારી કરાતી નથી.

આમ છતાં, આ દિશામાં જેટલું પણ કામ થઈ શક્યું છે એ મહત્ત્વનું ગણાવી શકાય. આવા ગંભીર મામલે એવું આશ્વાસન લેવું તદ્દન ખોટું છે કે અમુક-તમુક દેશની સરખામણીએ આપણે ત્યાં પરિસ્થિતિ ઘણી સારી છે. કેમ કે, સ્વાસ્થ્ય અને શિક્ષણ જેવી મહત્ત્વની બાબતોમાં સરખામણી હંમેશાં આપણાથી પાછળ હોય એની સાથે નહીં, પણ આપણાથી આગળ હોય એની સાથે કરવાની હોય છે.

અત્યારે પ્રચારનું જોર એવું છે કે એ ભલભલા સત્યને ઢાંકી શકે, એટલું જ નહીં, સાવ બદલી શકે. સરકારનું આખેઆખું તંત્ર સરકારની વિવિધ ક્ષેત્રે સફળતા દર્શાવવા માટે કામે લાગેલું હોય છે. આથી સાચાખોટાનો ભેદ પારખવો મુશ્કેલ બની રહે છે. યુ.એન.ના નિર્ધારીત લક્ષ્યાંકને પાર પાડવા આડે હવે માંડ ચાર વરસ રહ્યાં છે. આપણા દેશમાં સ્વાસ્થ્યની સુવિધા અને પહોંચ છેવાડાના લોકો સુધી વિસ્તરે એ મહત્ત્વનું છે. કેમ કે, હજી ઘણા પ્રદેશો તેનાથી વંચિત છે. પ્રસૂતિ અંગેની સુવિધાઓ એકદમ પાયાની અને મૂળભૂત ગણાય. તેના અમલીકરણ અંગેની પ્રણાલિ સુદૃઢ અને હજી વધુ સુવિકસીત બને તો માતાઓના મૃત્યુદરને નિયંત્રણમાં લાવી શકાય. આ સંજોગોમાં આવા અભ્યાસ વિવિધ શાસકોને અંતર્દર્શનની તક પૂરી પાડે છે, જો એ કરવાની ઈચ્છા હોય તો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સાચી રીતે શીખવા માટે



એક ઉત્સાહથી ભરેલો યુવાન માર્શલ આર્ટ શીખવતા ઝેન ગુરુ પાસે આવ્યો અને કહેવા લાગ્યો, ‘માસ્ટર મને તમારો શિષ્ય બનાવો.મારે માર્શલ આર્ટ શીખવું છે.’ગુરુએ પહેલાં તો કહ્યું, ‘હું કોઈને શિષ્ય બનાવતો નથી.’ યુવાને બહુ વિનંતી કરતાં કહ્યું, ‘મને માર્શલ આર્ટ શીખવું જ છે અને તમારી પાસેથી જ શીખવું છે. મને શિષ્ય તરીકે સ્વીકારી લો.’ઝેન માસ્ટર બોલ્યા, ‘શું તું મહેનત કરવા તૈયાર છે?’ પેલા યુવાને કહ્યું, ‘હા માસ્ટર, તમે કહેશો તેમ કરીશ..બધું કરીશ.’ માસ્ટરે પૂછ્યું, ‘શું તું તારો બધો સમય આપવા તૈયાર છે.’ યુવાને કહ્યું, ‘હા ગુરુજી, હું બધો સમય આપીશ, બરાબર મહેનત કરીશ તો હું કેટલા સમયમાં માર્શલ આર્ટમાં પારંગત થઈ જઈશ.’ઝેન માસ્ટર હસ્યા અને બોલ્યા, ‘પહેલાં શીખવાનું તો શરૂ કર. પાછો પારંગત બનવાની વાતો કરજે..’યુવાન બોલ્યો, ‘માફ કરજો માસ્ટર, પણ મને કહો ને હું કેટલા સમયમાં શીખી લઈશ અને હું સખત મહેનત કરીશ એટલે પારંગત પણ જલ્દી થઈ જઈશ.’ગુરુજી બોલ્યા, ‘યુવાન તને બહુ ઉતાવળ છે પણ શીખતાં જ દસ વર્ષ લાગશે. સમજ્યો વિચારી લે…’યુવાન ચૂપ થઈ ગયો. થોડી વાર વિચાર્યા બાદ બોલ્યો, ‘માસ્ટર, દસ વર્ષ તો બહુ લાંબો વખત છે …મારે બધું જલ્દી શીખવું છે અને પારંગત પણ બનવું છે. હું બહુ મહેનત કરીશ. તમે જે કહેશો તે બે વાર ..ત્રણ વાર અભ્યાસ કરીશ…તમે કહેશો 8 કલાક મહેનત કર હું ૧૬ કલાક કરીશ. હવે તમે મને કહો, હું કેટલા સમયમાં શીખી લઈશ.’ઝેન માસ્ટર હસ્યા અને બોલ્યા, ‘યુવાન તો તો તને ૨૦ વર્ષ લાગશે…..’યુવાન આવો વિચિત્ર જવાબ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો.થોડી વાર પછી યુવાન બોલ્યો, ‘માસ્ટર, હું તો તમે કહેશો તેનાથી બમણી મહેનત કરવા તૈયાર છું છતાં તમે કહો છો કે ૧૦ વર્ષથી ઓછો નહિ પણ બમણો સમય લાગશે.’ઝેન માસ્ટર બોલ્યા, ‘યુવાન જીવનમાં માર્શલ આર્ટ નહિ પણ કોઇ પણ વસ્તુ, કળા ,જ્ઞાન વગેરે પ્રાપ્ત કરવા તમે ઉત્સુક હો અને ત્યારે તેને મેળવવા તેની પાછળ વધુ મહેનતથી દોડો ત્યારે તે વસ્તુ તમારાથી વધુ ને વધુ દૂર થતી જાય છે. ‘લો ઓફ રીવર્સ ઈફેક્ટ’ની અસર પ્રમાણે તે વસ્તુ ,તે જ્ઞાન ,તે કળા ,તે પૈસા કે બીજું કંઈ પણ જેટલું તમે તે મેળવવા દોડો તેટલું તમારાથી દૂર થતું જાય છે.તું શરૂઆત કરવા પહેલાં જ આટલી ઉતાવળ કરે છે તે માર્શલ આર્ટ શીખનાર માટે બરાબર નથી. આ આર્ટ એક તપની જેમ શીખવું પડે છે. તેનો કોઈ સમય નક્કી નથી હોતો સમજ્યો. જો ઉતાવળ હોય તો શીખવાનું જ માંડી વાળ અને શીખવું જ હોય તો સમયની ગણતરીઓ છોડી દે.’ઝેન માસ્ટરે સમજ આપી.

### ચાર્જિંગ પોઈન્ટ

#### હેતા ભૂષણ

# પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામો : ભારતનાં મતદારોનો મિજાજ બદલાયો છે?

## રાજ્યોની વણઝાર

### કૌશિક મહેતા

**મતદાર હવે પક્ષનાં જૂનાં સૂત્રોને સ્વીકારતો નથી એના બદલે તેણે મારા માટે શું કર્યું? તે પ્રશ્ન પૂછતો થયો છે. લોકશાહીમાં આ સારી નિશાની ગણાવી જોઈએ**

પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામોએ દેશને આશ્ચર્યનો આંચકો આપ્યો છે અને એમાંય પશ્ચિમ બંગાળ અને તામિલનાડુનાં અણધાર્યાં પરિણામો આવ્યાં છે. એક્ઝીટ પોલ ક્યાંક સાચા તો ક્યાંક ખોટા પડ્યા છે. પણ શું આ પરિણામો એવું દેશાવે છે કે, દેશનાં મતદારોનો મિજાજ બદલાયો છે? આ અંગે કેટલીક ટીપ્પણીઓ થઈ છે એ રસપ્રદ છે અને એ દર્શાવે છે કે, મતદારોનો મિજાજ બદલાઈ રહ્યો છે. લાગે છે કે, મતદારો હવે કોઈ વાતમાં ખેંચાઈ કે લાગણીમાં દોરવાઈ મત આપતા નથી. ૨૦૨૬નાં પરિણામો કોઈ એક લહેરનાં પરિણામ નથી, પરંતુ તે દરેક રાજ્યની જનતા દ્વારા સરકારના રિપોર્ટ કાર્ડ પર આપવામાં આવેલો ચુકાદો છે. મતદાર હવે પક્ષનાં જૂનાં સૂત્રોને સ્વીકારતો નથી એના બદલે તેણે મારા માટે શું કર્યું? તે પ્રશ્ન પૂછતો થયો છે. લોકશાહીમાં આ સારી નિશાની ગણાવી જોઈએ. ક્યા પક્ષની સરકાર છે અને એણે અમારા માટે શું કર્યું એ જોઈ મતદાર નિર્ણય લેતો થયો છે એ આવકાર્ય છે. જો કે, બધે આ વાત લાગુ પાડી શકાતી નથી.

બીજો એક વિશેષ વર્ગ ઊભો થયો છે અને એ લાભાર્થી વર્ગ. એની શરૂઆત તામિલનાડુએ જ કરી હતી. રેવડી ત્યાં શરૂ થઈ અને આજે કોઈ પણ રાજ્યમાં કોઈ પણ પક્ષ રેવડીઓ આપવા તૈયાર છે પણ મતદારો હવે એનાથી આગળ વિચારે છે કે, મફતની યોજના તો ખરી પણ એનો અમલ કોણ સારી રીતે કરે છે એ જોઈ મત આપવો. ભારતમાં એક નવો ‘લાભાર્થી વર્ગ’ ઊભો થયો છે. આ એવો વર્ગ છે જે જ્ઞાતિ કે ધર્મ કરતાં સરકારી યોજનાઓની ‘ડિલિવરી’ ને વધુ મહત્ત્વ આપે છે. પશ્ચિમ બંગાળમાં ભાજપનો ઉદય હોય કે તમિલનાડુમાં ડીએમકેની પકડ, જે પક્ષે પાયાની સુવિધાઓ (રેશન, આવાસ, ડાયરેક્ટ બેનિફિટ) છેવાડા સુધી પહોંચાડી છે, તેને સફળતા મળી છે.

અલબત્ત, તામિલનાડુમાં ડીએમકેને ના સ્વીકારી અભિનેતા વિજયની નવી પાર્ટી ટીવીકેને લોકોએ સૌથી મોટો પક્ષ બનાવી આશ્ચર્ય આપ્યું છે. એનો અર્થ એ પણ થાય છે કે, લોકો વિકલ્પની શોધમાં છે. જે પક્ષો વર્ષોથી રાજનીતિમાં છે એ નહિ અને અન્ય વિકલ્પ હોય તો એને પસંદ કરવો. એક મજાની અવલોકન એ પણ છે કે, ભારતીય લોકશાહી હવે એ સ્તરે પહોંચી છે જ્યાં મતદાર રાષ્ટ્રીય સુરક્ષા માટે એક પક્ષને અને સ્થાનિક સુશાસન માટે બીજા પક્ષને પસંદ કરી શકે છે. તમિલનાડુ અને કેરળનાં પરિણામો દર્શાવે છે કે જનતા પોતાની ભાષા અને સંસ્કૃતિ સાથે સમાધાન કરવા તૈયાર નથી, ભલે ગમે તેટલી મોટી રાષ્ટ્રીય લહેર હોય. એન્ટી ઈન્કમ્બન્સીનો અર્થ પણ બદલાયો છે. અગાઉ શાસનવિરોધી લહેર એટલે ‘માત્ર સરકાર બદલવી’ એવું મનાતું. પરંતુ હવે, જો સરકાર સક્રિય હોય, તો જનતા તેને વારંવાર તક આપે છે અને એ પ્રો ઈન્કમ્બન્સી તરીકે ઓળખવામાં છે, જે લોકશાહીની પરિપક્વતાનું સૂચક ગણાય છે. ભાજપ માટે આ વાત સાચી પડી છે. આસામમાં ભાજપની હેટ્રિક થઈ છે. ભારત યુવા દેશ છે અને યુવા મતદારો શું વિચારે છે એ બહુ મહત્ત્વનું છે. ભાજપે આ વાત પર ફોકસ કર્યું છે. નરેન્દ્ર મોદી યુવાઓમાં પ્રિય છે. ૨૦૨૬માં યુવા મતદારો કે જેમણે પહેલી વાર મતદાન કર્યું છે એમણે પરંપરાગત વોટ બેંકને તોડી નાખી છે. તેમને માત્ર ભૂતકાળના ગૌરવમાં રસ નથી, પણ રોજગાર અને આધુનિક શિક્ષણની તકોમાં રસ છે.

મતદારોના મિજાજમાં આ બદલાવ કેટલો સારો છે કે ખરાબ એ કહેવું અત્યારે વહેલું છે પણ દક્ષિણ ભારતનાં રાજ્યો હજુય કેન્દ્રમાં રાજ કરતા પક્ષો સાથે નથી. ત્યાં રાજનીતિ અલગ છે. બંગાળમાં આ વાતને ભાજપ ખોટો પાડી શક્યો છે. અગાઉ ઈશાન ભારતમાં ભાજપે સત્તાનો વિસ્તાર કર્યો પણ દક્ષિણમાં હજુ ભાજપનો ગજ વાગ્યો નથી. આ વાત પણ સ્વીકારવી રહી.

### તામિલનાડુમાં દ્રવિડિયન રાજનીતિનો અંત?

તમિલનાડુમાં ૨૦૨૬ના વિધાનસભા ચૂંટણી પરિણામોએ ખરેખર ભારતીય રાજકારણમાં એક ‘ભૂકંપ’ જેવી સ્થિતિ સર્જી છે. આ પરિણામો દર્શાવે છે કે, તમિલનાડુમાં ૫૯ વર્ષથી ચાલી આવતી ડીએમકે અને અન્નાડીએમકેની પરંપરાગત સત્તાનો દબદબો ખતમ થયો છે.

સુપરસ્ટાર વિજયની નવી પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ [ટીવીકે] એ અત્યંત પ્રભાવશાળી દેખાવ કર્યો છે. આ પક્ષે ૧૦૮ બેઠકો જીતીને રાજ્યમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. ૧૯૬૭ પછી આ પ્રથમ ઘટના છે જ્યારે કોઈ બિન-દ્રવિડિયન પાર્ટીએ આ સ્તરે સફળતા મેળવી હોય. આ પરિણામોએ સાબિત કર્યું છે કે તમિલનાડુની જનતા હવે ‘દ્રવિડિયન દ્વંદ્વ’થી આગળ વધવા માંગે છે. સત્તારૂઢ ડીએમકે અને મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનને મોટી હારનો સામનો કરવો પડ્યો છે. સ્ટાલિન પોતે પણ પોતાની બેઠક ગુમાવી બેઠા છે, જે શાસન વિરોધી લહેરની તીવ્રતા દર્શાવે છે તો અન્ના ડીએમકે પણ એવી સફળતા મેળવી શક્યો નથી. રાજકીય વિશ્લેષકો વિજયના ઉદયને એમ.જી. રામચંદ્રનના સમય સાથે સરખાવી રહ્યા છે. જે રીતે એમજીઆર એ ફિલ્મી પડદેથી આવીને સીધા લોકોના દિલમાં જગ્યા બનાવી હતી, તેવી જ રીતે વિજયે યુવા મતદારો અને મહિલા મતોમાં મોટું ગાબડું પાડ્યું છે.

જો કે, પક્ષો હાર્યા છે, પણ વિચારધારા રાતોરાત ખતમ નથી થતી. વિજયની પાર્ટીએ પણ ‘સામાજિક ન્યાય’ અને ‘ભાષાકીય ગૌરવ’ ની વાત કરી છે, જે દ્રવિડિયન રાજનીતિના મૂળમાં છે.

જો કે, હવે રાજનીતિ ‘પરિવારવાદ’ થી મુક્ત થઈને નવા અને સ્વચ્છ નેતૃત્વ તરફ વળી રહી હોય તેવું દેખાય છે. તામિલનાડુનાં મતદારોને પણ ધન્યવાદ આપવા જોઈએ કે એમણે ૮૫% થી વધુ મતદાન કર્યું અને એ દર્શાવે છે કે જ્યારે જનતા પરિવર્તન ઈચ્છે છે, ત્યારે મોટા-મોટા ગઢ તૂટી જાય છે. તમિલનાડુમાં રાષ્ટ્રીય પક્ષો હજુ પણ સીધો મોટો પ્રભાવ પાડી શક્યા નથી પણ એક નવો પ્રાદેશિક વિકલ્પ ઉભરી આવ્યો છે.

મહત્ત્વનું એ છે કે, કોંગ્રેસને કેરલમાં સત્તા મળી એટલે એ દક્ષિણમાં મજબૂત બની છે. પણ સવાલ એ છે કે, મમતાની ટીએમસી કે પછી ડીએમકે , અન્નાડીએમકે ફરી એનો હોદ્દો પ્રાપ્ત કરી શકશે? કે પછી માયાવતીના બસપા જેવી એમની હાલત ધીરે ધીરે થશે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગુણ કે કૌશલ - ક્યું મહત્ત્વનું?

હાલમાં જ બોર્ડની પરીક્ષાઓનાં પરિણામ જોતાં લાગે છે કે આપણે શિક્ષણને “ગુણોની ફેક્ટરી” બનાવી દીધી છે. બાળકો હવે શીખવા માટે નહીં, પરંતુ માર્કશીટ ચમકાવવા માટે શાળાએ જાય છે. 95% લાવનારને “જ્ઞાની” ગણીએ છીએ અને 70% લાવનારને શાંતિથી “સરેરાશ”નો ઠપકો આપી દઈએ છીએ. જાણે બુદ્ધિનું માપન માત્ર આંકડાઓથી જ થઈ શકે! હકીકત તો એ છે કે સમાજને ગુણ નથી જોઈતા, કામ આવડે એવાં લોકો જોઈએ છે. ઈન્ટરવ્યુમાં માર્કશીટ નહીં, વિચારશક્તિ અને સંવાદકૌશલ કામ આવે છે. છતાં વાલીઓ અને શાળાઓ મળીને બાળકોને એ જ રટણના ચક્રમાં ઘસેડે છે, જ્યાં પ્રશ્નો બદલાય છે, જવાબો નહીં. વિચારવાનું તો એ છે કે શું આપણે બાળકોને જીવન માટે તૈયાર કરીએ છીએ કે ફક્ત પરીક્ષાઓ માટે? ઊંચા ગુણ ધરાવતો વિદ્યાર્થી જો સામાન્ય સમસ્યાનો ઉકેલ ન લાવી શકે, તો એ ગુણનો અર્થ શું? સમાજે હવે નક્કી કરવું પડશેઃ આપણે “ટોપર” પેદા કરવા માંગીએ છીએ કે “કૌશલયુક્ત માનવી”? નહીં તો, આપણે કાગળ પર તેજસ્વી પરંતુ હકીકતમાં અસમર્થ પેઢી ઊભી કરી રહ્યા છીએ જેને ગુણ તો છે, પણ ગુણવત્તા નથી.

**સુરત - સાગર અનિલભાઈ ગાંધી**

## બંગાળની અભૂતપૂર્વ ચૂંટણી અરાજકતા

બંગાળમાં તાજેતરમાં રાજ્યની ચૂંટણી સંપન્ન થઈ. પરંતુ ચૂંટણી પહેલાં અને પછીનો માહોલ ઘેરા વિષાદની લાગણી જન્માવે છે, જેમાંઃ ચૂંટણી પહેલાં શાસક પક્ષ TMC નો SIR બાબત ચૂંટણી પંચ સાથે સતત વિવાદ અને સુપ્રીમ કોર્ટનો હસ્તક્ષેપ; ચૂંટણી પંચ ધ્વારા તાર્કિક વિસંગતતા હેઠળ લાખો લોકોનો મતાધિકાર અભરાઈએ ચઢાવી દેવો અને સમગ્ર ચૂંટણી વ્યવસ્થા કેન્દ્રીય વહીવટ તંત્ર હેઠળ મૂકી દેવી; TMC ધ્વારા મતગણનામાં ગંભીર ગેરરીતિઓના આક્ષેપો અને ખાસ તો ચૂંટણી પરિણામો પછી સુરક્ષા બળોની ભારે હાજરી છતાં ખુલ્લેઆમ ગુંડાગર્દી અને હાલમાં ચાલુ રાજકીય ખૂનામરકી. શું આ માહોલ નિમ્ન કક્ષાની રાજકીય વેરભાવના અને વહીવટી અરાજકતાનો દ્યોતક નથી? શું એ ધ્વારા આપણે સમાજમાં વિભાજનકારી શક્તિઓને પ્રોત્સાહન નથી આપી રહ્યા? અને રાજ્યની શક્તિ અને આર્થિક સંસાધનોના વેડફાટનું શું? શું આપણો દેશ રાજકીય અને સામાજિક અરાજકતા બાબતે વિશ્વગુરુ બનવાની હોડમાં છે? દેશહિતમાં આ અને એને સંલગ્ન પ્રશ્નો રાજકીય અને ખાસ તો પ્રજાકીય સ્તરે ગંભીર મનોમંથન માંગી લે છે.

**નવસારી - કમલેશ આર. મોદી**

## સુરતની પ્રજાને રીટર્ન ગીફ્ટમાં શુ મળશે?

છેલ્લા લાંબા સમયથી સુરતની પ્રજાએ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપ તે નિરંતર સત્તારૂપી ખુરશી પર બહુમતીથી બિરાજમાન કર્યા છે એમાં બેમત ન હોઈ શકે પરંતુ અગાઉની ચૂંટણીઓમાં પ્રજાહિતમાં કશું વિશેષ આવ્યું નથી, જે હકીકત છે તે સ્વીકારવી જ રહી. 2026ની ચૂંટણીમાં પણ સુરતની પ્રજાએ ભાજપ પર અતૂટ વિશ્વાસ જાળવીને મહેનત ઓળી 115 સીટો અપાવી છે. હવે ભાજપની વફાદાર રહેલી સુરતની પ્રજા ગુજરાતના સત્તાધીશો પાસે જનહિતમાં ‘રીટર્ન ગીફ્ટ’ ની આશા રાખે એમાં કશું પણ અયોગ્ય નથી. હવે સુરતની પ્રજા ‘રીટર્ન ગીફ્ટ’ શું મળે છે તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે.

**સુરત - રાજુ રાવલ**

## આપણું ગોઠવો

સત્તા પછી સાવ નવરાધૂપ થયેલાં કેટલાંક લોકોનાં મનમાં ગુમનામીમાં ખોવાઈ જવાનો માનસિક ડર બેસી ગયો હોય છે. આવાં લોકો સત્તા છોડ્યા પછી સહજ રહી શકતાં નથી. એમનો ખુરશીમોહ છૂટતો જ નથી, એટલે પદ પ્રતિષ્ઠા માટે સતત હવાતિયાં મારતાં રહે છે. ઘણી શાળાના આચાર્ય નિવૃત્તિ પછી એ જ શાળા પરિસરમાં શૈક્ષિણક સલાહકાર તરીકે ગોઠવાઈ જાય છે. ઘણા સચિવ કક્ષાના અધિકારીઓ નિવૃત્તિ પછી પણ એક્સટેન્શન મેળવતા રહેતા હોય છે. તેઓ આવી મોટી જગ્યા ઉપર લાંબો સમય રહ્યા પછી પણ એ જગ્યા છોડી નથી શકતાં કેમ કે એમને આ સત્તાની લત લાગી હોય, વળી ગુમનામીનો ડર પણ લાગતો હોય છે. આવાં લોકો કેટલાંય નોકરીવાંછુક લાયક ઉમેદવારોનો રસ્તો રોકી લેતાં હોય છે. ગાંધીનગરના એક અધિકારી પોતે નિવૃત્ત થયા બાદ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં પોતાના વિદાય સમારંભો ગોઠવાય તેવી ગોઠવણ કરવા ટહેલ નાંખતા કે આપણું ગોઠવો..! ત્રીસ ચાલીસ વર્ષ એકધારું કામ કર્યા બાદ એને છોડીને નિર્લિપ્ત થવાની સ્વસ્થતા બધામાં નથી હોતી. નિવૃત્તિ પછી કામના સ્થળને અલવિદા કહી પોતાની નિજ મસ્તીમાં જીવનારા નિવૃત્ત અલગારીઓને સલામ.

**સુરત - પ્રકાશ પરમાર**

## ખમણ એટલે પીળું સોનું

સુરતનું જમણ અને કાશીનું મરણ કહેવત વર્ષોથી ચાલી આવી છે. સુરતની સ્વાદપ્રિય જનતાને સવારના નાસ્તામાં ખમણ, ઢોકળાં, લોચો જેવી અનેક વાનગીઓ તો જોઈએ જ. ગરીબ, તવંગર, મજૂર, કામદાર દરેક વર્ગને ખમણ, ઢોકળાં, ફાફડા, લોચો ખૂબ જ નજીવા દરે મળી રહેવાં જોઈએ. માની લઈએ કે હાલની પરિસ્થિતિમાં lpg gas, પાઈપ લાઈનના ભાવો વધ્યા એટલે વેપારીઓને ભાવવધારો કરવાની જરૂર પડે એ માની શકાય પણ ગરીબ, મજદૂર વર્ગને પરવડે તેવા ભાવો રાખવા જોઈએ. વિકાસ થાય, યુદ્ધ, કુદરતી આપત્તિ આવી પડે તો તમામ વસ્તુનો ભાવવધારો થાય પણ ખમણ અને લોચાના ભાવમાં ઘટાડો કરવો જોઈએ.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## સીંગલ ચાઈલ્ડ

આજકાલ તમે આજુબાજુ તમારી નજર દોડાવશો તો સીંગલ ચાઈલ્ડ નજરે પડશે પણ ક્યારેક આ સિંગલ ચાઈલ્ડની મનોદશા વિશે વિચાર્યું છે ખરું? એનું પોતાનું કોઈ સગો ભાઈ કે સગી બહેન હોતી નથી. એ પોતે એકલવાયું જીવન જીવે છે. એની જોડે કોઈ શેરીંગ નથી કરતું, તેવી જ રીતે એ પોતાની વ્યથા વડે પોતાના સહોદર જોડે સહભાગી થતો નથી. ભાઈ-બહેન વચ્ચે ચાલતા નાના- નાના લડાઈ ઝઘડાની મજા એને મળતી નથી. તેવી જ રીતે ઘરમાં કાંઈ થાય તો એની તરફેણ કરનાર કોઈ હોતું નથી. ઘણી વાર પેરેન્ટ્સ દ્વારા સાંભળવા મળતું હોય છે કે ‘‘એનામાં ભાગ પડવાનો નથી જે છે તે બધું એનું જ છે.’’ પરંતુ ભાગીદાર પણ હોય તેની મજા જ કાંઈ ઓર હોય છે.બાળપણમાં ભાઈબહેન સાથે વિતાવેલા દિવસોની યાદ આ સિંગલ ચાઈલ્ડ પાસે હોતી નથી. ભાઈ-બહેન જોડે ધીંગા મસ્તી કરવાની તથા ભાઈબહેનની ચાડી ખાવાની મજા એને નસીબ નથી હોતી.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ

30 એપ્રિલના રોજ આઘાતજનક સમાચાર મળે છે કે ‘ભારતી બા’નું અવસાન થયું છે. ભારતીબાના નામથી, સ્થાનિય યુટયુબર, તેમજ ફિલ્મોમાં પ્રોડયુસરો દ્વારા બનતા વિડિયોમાં બાનું પાત્ર ભજવતાં સ્વ. ભારતીબહેન ઠક્કર દર્શકોમાં પણ એ વધુ જાણીતા અને પસંદ કરતાં એવાં કલાકાર. જીવન સંઘર્ષમય રહ્યું પણ હિંમત હારી નહીં. એમની અભિનયકલા અને ક્ષમતાને સુરતમાં કોઈએ પારખી. પોતાના સહજ અને અસરકારક અભિનયને કારણે નાના વિડીયો ફિલ્મોમાં એક આગવું સ્થાન બનાવ્યું. કલાકારોને પણ એમની હુંફ ને લાગણી મળતી રહી, એટલું જ નહિ પ્રેરણા ને માર્ગદર્શન પણ મળતું રહ્યું ને એમને એક ઓળખ મળી ‘બા’ની. એક ના પૂરી શકાય એવી ખોટ સોશ્યલ મીડિયામાં બનતા. વિડીયો તેમજ ફિલ્મના ક્ષેત્રે પડી છે એમ કહી શકાય. જ્યારે એમની છેલ્લી વિદાયનો વિડીયો જોયો, ઉપસ્થિત બધાં જ કલાકારોની કલાકાર દીકરી મીરાં જે રીતે દુઃખી હતી, ચોધાર આંસુ વહી રહ્યા હતા, અન્ય કલાકારો એને સાંતવન આપવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. એ દૃશ્ય કહી જાય છે કે કલાકારોમાં એમનું શું સ્થાન હશે. બધાંના દિલમાં એમનું સ્થાન હંમેશ રહેશે. પ્રભુ એમનાં આત્માને શાંતિ આપો.

**સુરત - પ્રદીપ ઉપાધ્યાય**